Surat Municipal Corporation
ADMITTED
Chief Accountant

(૨૦૭)

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૫-૩-૦૭ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :—

♣ ♣ ♣ ♣

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૨-૩-૦૭ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૩૯ વિદિત થઈ, ટી.પી. સ્કીમ નં.૫૪ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૧/એ તથા ૧/બી પૈ JnNURM - BSUP યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો બાંધવાના કામે નીચે મુજબના નિર્ણયો લેવાનું તથા મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૫-૨-૦૭ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૨૪૯, ૧૨૫૩, ૧૨૫૧, ૧૨૫૫, ૧૨૫૨ થી રજુ કરેલ દરખાસ્તની મૂળ ફાઈલ આ કામ સાથે રાખવાનું ઠરાવવામાં આવે છે.

૧. ટી.પી.૫૪, (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧/બી-સી ખાતે JnNURM - BSUP યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો બનાવવાના કામે આવેલ કુલ-૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ભાવના કન્સ્ટ્રકશનને ઉકત કામ ટેન્ડરની અંદાજી રકમ રૂા.૮૬,૬૪,૬૪૦-૭૪ થી ૯.૩૧% નીચા ભાવે, તેઓએ તેમના તા.૫-૩-૦૭ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન સોંપવું.

૨. ટી.પી.૫૪, (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧/એ-એ ખાતે JnNURM - BSUP યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો બનાવવાના કામે આવેલ કુલ-૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર મે.અંબાભાઈ કે. પટેલને ઉકત કામ ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૯૨,૫૪,૭૫૭-૨૦ થી ૯.૩૧% નીચા ભાવે તેઓએ તેમના તા.૮-૩-૦૭ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન સોંપવું.

૩. ટી.પી.૫૪, (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧/એ-ડી ખાતે JnNURM - BSUP યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો બનાવવાના કામે આવેલ કુલ-૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર વ્રજ કન્સ્ટ્રકશનને ઉકત કામ ટેન્ડરની અંદાજી રકમ રૂા.૯૬,૨૭,૩૭૮-૬૦ થી ૯.૩૧% નીચા ભાવે તેઓએ તેમના તા.૮-૩-૦૭ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન સોંપવું.

..૨..

૪. ટી.પી.૫૪, (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧/બી–એ ખાતે JnNURM - BSUP યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર સાવલીયા કન્સ્ટ્રકશન કું. પ્રા.લિ.ને ઉકત કામ ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૭૩,૨૯,૨૮૧–૪૮ થી ૯.૩૧% નીચા ભાવે તેઓએ તેમના તા.૮–૩–૦૭ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન સોંપવું.

૫. ટી.પી.૫૪, (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧/એ–સી ખાતે JnNURM - BSUP યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો બનાવવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર શ્રી કન્સ્ટ્રકશન પાસે સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૯૫/૨૦૦૭ અન્વયે ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૯૨,૫૪,૭૫૭–૨૦ થી ૧૧% નીચા ભાવે કામ કરવા માંગવામાં આવેલ લેખિત સંમતિના સંદર્ભમાં તેઓએ તેમના ટેન્ડરમાં અંદાજી રકમથી ૩.૫૨% નીચા ભરેલ ભાવે કામ કરવા જણાવેલ હોય, પરંતુ આજ પ્રકારના આ સ્થળ પર અન્ય કામો અંદાજી રકમથી ૯.૩૧% નીચા ભાવે ઈજારદારોએ સંમતિ આપી હોય અંદાજી રકમથી ૯.૩૧% નીચા ભાવને આ કામ માટે યુનિટરેઈટ ગણી, ઉકત કામ ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૯૨,૫૪,૭૫૭–૨૦ થી ૯.૩૧% નીચા ભાવે કરવા સંમત હોય તે ઈજારદારો પાસે લેખિત સંમતિ મેળવી યોગ્ય તે ઈજારદારને કામ સોંપવા અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ તથા મ્યુ.કમિશ્નરશ્રીને સત્તા આપવામાં આવે છે.

ઠરાવ નં.૪૬૨/૨૦૦૭ સર્વાનુમતે મંજુર.

---

સ.ર. મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા. ૧૨–૩–૦૭.

(RAC) W/CS

નકલ સાદર રવાના :– અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ.

OS

DHIMMAR.